R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 24•ISSUE: 06 DATE: 08-02-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે લોકસભામાં ટ્રસ્ટની જાહેરાત કરતા વડાપ્રધાન મોદી



લોકસભામાં વડાપ્રધાન મોદીએ રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના વિશે જાહેરાત કરી હતી. ગત નવેમ્બરમાં રામ જન્મભુમિ-બાબરી મસ્જીદ કેસમાં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. કેન્દ્રીય કેબિનેટની મીટીંગ પછી તરતજ લોકસભામાં મોદીએ દેશ માટે આ સૌથી મહત્વપુર્ણ અને ઐતિહાસિક વિષય પર માહિતી આપી હતી. તેમણે કહ્યુ હતું કે આ વિષય કરોડો દેશવાસીઓની જેમ મારા હૃદયની નજીક છે. અને મને આ વાત કરવાનું સૌભાગ્ય મળ્યું છે. તેમણે કહ્યુ હતું કે સરકારે અયોધ્યામાં રામ મંદિરના વિકાસ માટે વિશાલ યોજના તૈયાર કરી છે. એક સ્વાયત ટ્રસ્ટની રચના થશે. જેનું નામ '' શ્રી રામ જન્મભુમિ તીર્થક્ષેત્ર ''રખાશે.ટ્રસ્ટની ઓફીસ આર-૨૦,ગ્રેટર કૈલાશ પાર્ટ-૧,નવી દિલ્હી ૧૧૦૦૪૮ રાખવામાં આવી છે.

## નાગરિકતા કાનુનથી ભારતીયોને અસર નહીં થાય : વડાપ્રધાન મોદીની સંસદમાં જાહેરાત

વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન સંસદના બંન્ન ગૃહોમાં નાગરિકતા સુધારા કાયદા અંગે કેટલીક છણાવટ કરી હતી. તેમણે કહ્યુ હતું કે કોગ્રેસ સહિતના વિપક્ષો લોકોને ઉશ્કેવાનો પ્રયત્ન કરે છે. તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે કોઈ ભારતીય નાગરિકને આ કાયદો અસર કરશે નહીં.અથવા લઘુમતીઓના હિતને નુકાશાન કરશે નહીં. આ ઉપરાત એનપીએ સહિતના અનેક મુદાઓ પર તેમણે વાત કરી હતી. જો કે વિપક્ષોએ તેમની વાત પર ભરોસો મુક્યો નથી એવું પ્રતિત થતું હતું. વડાપ્રધાન એક બાજુ ખાતરી આપે છે કે લોકો ભય ખંખેરી નાંખે જ્યારે બીજી બાજુ ગૃહ પ્રધાન આ બાબતોમાં પીછેહઠ કરવાની નથી તેનું ડંકે કે ચોટ પર કહી રહ્યા છે. તેથી કોની પર ભરોસો કરવો તે અંગે લોકો દ્રીધા અનુભવી રહ્યા છે.

## અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મહાભિયોગના આરોપોમાંથી મુક્ત થયા છે : મતદાન પર વિરુધ્ધ ૪૮ મત પડયા હતા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચુંટણીના વર્ષમાં એક મોટી રાજકીય રાહત મળી છે. રિપબ્લીકનોના અંકુશ હેઠળની સેનેટે હાઈપ્રોફાઈલ મહાભિયોગ ટ્રાયલમાંથી તેમને નિર્દોષ મુક્ત કરી દીધા છે. બે અઠવાડિયા સુધી ચાલેલી કાર્યવાહી બાદ સત્તાના દુરપયોગના આરોપને સેનેટે ૫૨:૪૭ મતોથી નકારી દેવાયો હતો. હવે ટ્રમ્પ આગામી ચુંટણીમાં આ વિજયને મુદ્દો બનાવશે તેમ મનાય છે. ટ્રમ્પને દુર કરવા માટે બે તૃતીયાંશ મતની જરુર હતી. જે ૫૩ બેઠકો ધરાવતા રિપબ્લીકનના ૧૦૦ ગૃહોના સેનેટમાં મળવાનું મુશ્કેલ હતું.

બાવન રિપબ્લીકન સભ્યોએ તેમને સત્તાના દુરપયોગના આરોપથી મુક્ત કરવાની તરફેણમાં મત આપ્યા હતા. તો ૪૭ ડેમોક્રેટ્સે તેમને હોદ્દા પરથી દુર કરવા અને દોષિત ઠેરવવા માટે મત આપ્યા હતા. રિપબ્લીકનના એકમાત્ર સેનેટર મિટ રોમનીએ જ ટ્રમ્પની વિરુધ્ધમાં મતદાન કર્યુ હતું.

ટ્રમ્પ પર આરોપ હતો કે તેમણે ૨૦૨૦માં યોજાનારી રાષ્ટ્રપતિની ચુંટણીમાં સંભવિત હરીફ જો બિડેન સહિત પોતાના ઘરેલું હરિફોની છબી ખરાબ કરવા માટે યુક્રેન પાસેથી ગેરકાયદે મદદ માંગી હતી. અને કરદાતાઓના આશરે ૪૦ કરોડ ડોલર વેડફી દીધા હતા. અગાઉ અમેરિકાના ત્રણ પ્રમુખો સામે મહાભિયોગની કાર્યવાહી થઈ હતી. ૧૮૬૮માં જહોનસન અને



૧૯૯૮માં બિલ ક્લિન્ટન સામે કાર્યવાહી શરુ થઈ હતી. બેન્ને નેતાઓ તેમની ખુરશી બચાવવામાં સફળ રહ્યા હતા. રિચર્ડ નિકસનને જો કે રાજીનામુ આપવું પડયું હતુ.

## ભારતીય રેલવે નું ખાનગીકરણ : ૫૦૦ પ્રાઈવેટ ટ્રેનો દોડાવવાની સરકારની તૈયારી

લાખો રેલવેના કર્મચારીઓના વિરોધ વચ્ચે સરકારે રેલવેનું ખાનગીકરણ કરવાની દિશામાં આગળ વધી રહી છે. ૫૦ વર્ષથી ઉપરના કર્મચારીઓને ફરજીયાત નિવૃત કરવા માટે તેમજ પ્રીમીયમ ટ્રેનો કે જેમાં પ્રવાસીઓની વધુ અવરજવર રહે છે તેવી ટ્રેનો દોડાવવાની કામગીરી પ્રાઈવેટ કંપનીઓને સોપવા પગલાં લેવાઈ રહ્યા છે.સરકાર ૨૦૨૫ સુધીમાં ૫૦૦ ટ્રેનો ખાનગી હાથોમાં સોપી દેશે.આ ઉપરાંત ૭૫૦ રેલવે સ્ટેશનોનુ પણ ખાનગીકરણ થશે.

## એનઆરસી તમામ ધર્મોને અસર કરશે, તેનો અમલ નહી થવા દઉં : ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્ર મુખ્યમંત્રી



મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકારના વડા અને મુખ્ય પ્રધાન ઉદ્દવ ઠાકરે સ્પષ્ટ ભાષામાં કહ્યુ છે કે અમે નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝનશીપ(એનઆરસી)નો અમલ થવા દઈશું નહીં. એનઆરસી હિન્દુઓ ઉપરાંત બીજા ધર્મો અને જાતિઓ માટે પણ ચિંતાજનક વિષય છે. નાગરિકતા સંશોધન કાયદા અંગે બોલતા ઉદ્દવ ઠાકરેએ કહ્યુ હતું કે આ મુદ્દે વ્યાપક ચર્ચા થવી જોઈએ. કેમકે અહીં નાગરિકતા આપવાની વાત છે. લેવાની વાત નથી. ખોટી ગેરસમજ ફેલાવાઈ રહી હોય તો એ સંપુર્ણપણે દુર કરવી જોઈએ.

શિવસેનાના નેતા ઉદ્દવ ઠાકરે એમ પણ કહ્યુ હતું કે પાકિસ્તાનમાં હિન્દુઓ લઘુમતીમાં છે અને ત્યાં તેમના પર અત્યાચારો થાય છે એ જગજાહેર બાબત છે. ત્યાંના પીડીત લોકો અહીંયા આવે તેમને નાગરિકતા આપવાની વાત નાગરિકતા સંશોધન કાયદામાં છે. કોઈના નાગરિકત્વને ઝુંટવી લેવાની વાત એમાં નથી. આપણી પાડોશમાં બે ઈસ્લામી દેશો છે. પાકિસ્તાન અને બંગલા દેશ અને ત્યાંથી શરણાર્થીઓ આવવાના છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ કહ્યુ કે કેટલા હિંદુ શરણાર્થી આવ્યા અને કેટલાને નાગરિકત્વ આપ્યું તેના આંકડા કેન્દ્ર સરકારે જાહેર કરવા જોઈએ.આવા શરણાર્થીઓ ક્યાં રહેશે ? તેમને કઈ સુવિધાઓ મળશે ? તેમના બાળકો ક્યાં અને કેવી રીતે ભણશે ? આ સહિત અન્ય તમામ મુદ્દાઓ અંગે કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ.

ઉદ્દવ ઠાકરેએ વધુમાં જણાવ્યુ કે દેશના નાગરિક હોય તેવા મુસ્લીમોએ એનઆરસીથી ડરવાનું કોઈ કારણ નથી. કારણકે તમામ લોકોએ પોતે નાગરિક છે તે સાબિત કરવાનું છે.

## રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ મોંઘવારી વધવાની અને જીડીપી ઘટવાની આગાહી કરી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ અપેક્ષા મુજબ વ્યાજના દર યથાવત રાખ્યા હતા. ફુગાવાની ચિંતાને કારણે તેણે રેપો રેટમાં ઘટાડો કર્યો ન હતો.રેપો રેટ ૫.૧૫ ટકા યથાવત રાખવામાં આવ્યો હતો. તેણે કહ્યુ હતું કે ફુગાવા અંગે અનિશ્ચિતિતા છે તેમ છતાં ભવિષ્યમાં વ્યાજના દર ઘટી શકે છે. તેણે વર્ષ ૨૦૨૦-૨૧માટે જીડીપી ગ્રોથ રેટનો અંદાજ ૬ ટકા કર્યો છે. ચાલુ વર્ષ માટે ૫ ટકાના ગ્રોથના અંદાજને આરબીઆઈ વળગી રહી છે. આરબીઆઈની મોનીટરી પોલીસી કમીટીની ત્રણ દિવસની બેઠકમાં ચર્ચા વિચારણા ચાલી હતી.તે બાદ આરબીઆઈના ગર્વનર શશીકાંત દાસે કહ્યુ હતું કે અર્થતંત્ર હજી નબળી સ્થિતિમાં છે અને આઉટપુટ ગેપ નેગેટીવ છે. રિઝર્વ બેન્કે ચાલુ નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળા એટલે કે જાન્યુ.થી માર્ચ ૨૦૨૦ના ગાળામાં રિટેલ ફુગાવનો ૬.૫ ટકાનો અંદાજ આપ્યો છે.૨૦૨૦-૨૧ના પ્રથમ છ માસ માટે ફુગાવાનો દર ૫.૪ -૫.૦ ટકા રહેવાની ધારણા દર્શાવાઈ છે.

અન્ય ઘટનાક્રમમાં એસએસએમઈ સેકટરને ખાસ્સા પ્રોત્સાહનો અને રાહતો આપવામાં આવ્યા છે. એમએસએમઈ સેકટરમાં બોરોઅર એકાઉન્ટ રિશ્ટ્રક્ચરીંગની તારીખ ૧ વર્ષ લંબાવીને ૩૧માર્ચ ૨૦૨૧ કરવામાં આવી છે.કોમર્શીયલ રિયલ એસ્ટેટમાં અનિવાર્ય સંજોગો હેઠળ એસેટ્સનું ક્લાસિફિકેશન ડાઉનગ્રેડ કર્યા વગર એક વર્ષનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.ર

# ગરવી નવક્રાંતિ

બેફામ વાણી વિલાસ કરવો એ ભાજપી નેતાઓનો સ્ટેટસ સિમ્બોલ છે. કોઈના દબાણ હેઠળ કે પ્રમોશન મેળવવા માટે કે લાઈમલાઈટમાં રહેવા માટે અજુગતા નિવદેનો કરવા માટે ભાજપી નેતાઓ પ્રખ્યાત છે.કેટલીક વખતોએ પક્ષની નેતાગીરી આવા બકવાસને ફગાવી દે છે પરંતુ સરવાળે વાતાવરણને કલુષિત કરી દેવાય છે.હિદુત્વની મનફાવતી વ્યાખ્યા કરનારા નેતાઓ લોકોમાં એવું ઠસાવવા પ્રયત્ન કરતા રહે છે કે તેમણે વ્યાજબી કામ કર્યા છે. ભાજપને સાંકળતા કેટલાક અન્ય હિદુ સંગઠનો પણ આવા બેફામ ઉચ્ચારણો કરતાં રહે છે પરિણામે ભાજપની પક્ષ તરીકેની ઈમેજ ખરડાય છે.પ્રજા આવા વાણી વિલાસને ભુલી જતી હોય છે તેથી આવા નિવેદનનો તત્કાલિક પક્ષની આબરુને નુકશાન કરે છે .હવે મહાત્મા ગાંધીને લગતું એક નિવેદન ભાજપના સીનીયર નેતાએ કે જેઓ પ્રધાન પદે પણ બિરાજી ચુક્યા છે તેવા પીઢ નેતાએ જે કહ્યુ તે સદંતર ગેરવ્યાજબી અને પક્ષની પ્રતિષ્ઠાને જોખમી દે તેમ છે. ગાંધીજી વિરુધ્ધ બકવાસ કરનારાઓએ એ વાત જાણી લેવી જોઈએ કે તેમના બકવાસથી ગાંધીજીની ઈમેજને કોઈ બટ્ટો લાગવાનો નથી. પરંતુ તેનાથી તમારી ઈમેજને બટ્ટો જરુર લાગશે. ભાજપની નેતાગીરીમાં થોડુ ઘણુ ડહાપણનો અંશ હોય તો તેમણે આવા નેતાઓની હકાલપટ્ટી કરી દેવી જોઈએ.પક્ષે સત્તા પર કબજો જમાવી રાખવો હોય તો પક્ષની શિસ્તના લીરે લીરા ઉડાવતા નેતાઓને પક્ષમાં ચુપ રહેવા અને તેમ ના થાય તો બહારનો રસ્તો દેખાડી દેવો જોઈએ.શાસક પક્ષના નેતાઓ કોઈ નિવેદન કરે તો તેના અર્થઘટનો થાય છે. ગાંધીજીની આબરુ માત્ર દેશ પુરતું મર્યાદિત નથી પરંતુ દેશ ઉપરાંત વિદેશોમાં પણ ભારતને ગાંધીનું ભારત તરીકે લોકો ઓળખે છે. વિશ્વભરના મહાનુભાવો જ્યારે આપણા દેશમાં આવે છે ત્યારે રાજઘાટ કે સાબરમતી આશ્રમની મુલાકાત લેવાનું અચુક પસંદ કરે છે. ગાંધીના હત્યારા ગોડસેના મંદિરો બનાવવાથી ત્યાં મહાનુભાવો મુલાકાત લેશે તેવી કલ્પના કરવી મુર્ખામી છે.ગાંધીના ખુની ગોડસેને ભગવાનની પદવી થમાવી દેનારની મુર્ખતા પર અફસોસ થાય છે. અને તેમના સમર્થકોને ભાજપે સંસદમાં બેસાડી દીધા છે એટલે હવે પીઢ નેતાગીરીને કઈ કક્ષામાં મુકી શકાય.માત્ર મત લેવા માટે ગમે તેવાને ઉપાડી લાવી ચુંટણી જીતી જવી એવી એક માનસિકતા જે ઉભી થઈ છે તે દેશની લોકશાહી માટે ખતરા સમાન છે. ગાંધીને ગાળો દેવાથી કે તેમની અહિંસક લડતને નપુસંક લડત કહેવાથી ગાંધીનું નહીં ભાજપનું અપમાન થાય છે. વિચારધારાની લડાઈમાં ભાજપે નિવેદનીયા નેતાઓ સામે કડક કાર્યવાહી કરવી પડશે.

## મંતવ્ય

કોરોના વાઈરસનો ફેલાવો ચીનમાં ઝડપથી પ્રસરી રહ્યો છે. ચીને બે વર્ષથી થયેલા આ વાયરસની જાણ દુનિયાને થવા દીધી નહીં પરંતુ કાબુ બહાર પરિસ્થિતિ થતાં તેને જાહેર કરવામાં આવ્યો.હાલમાં વિશ્વના અનેક દેશો તેની ઝપટમાં આવી શકે તેમ છે. હજુ સુધી તેની દવાઓ શોધાઈ નથી.તેથી પરિસ્થિતિ વધારે બિહામણી લાગી રહી છે.ચીન સાથે વેપાર ક્ષેત્રે સંકળાયેલા અસંખ્ય લોકો ચીનમાં અવરજવર કરે છે અને ત્યાનાં લોકો દેશ વિદેશમાં સફર કરે છે. આ બધા દ્વારા વાયરસ અન્ય જગ્યાઓ પર ફેલાવાની શક્યતાઓ રહેલી છે. આપણા દેશમાં તેના કેટલાક કેસો જોવામાં આવી રહ્યા છે પરંતુ હજુ સુધી તેની પુષ્ઠી કરવામાં આવી નથી. શંકાના આધારે તપાસ થઈ રહી છે. પરંતુ આ ખતરનાક વાયરસ જો ફેલાઈ જાય તો તેનો ફેલાવો ઝડપથી ફેલાઈ શકે છે. ભારતમાં તેની અસરો વ્યાપક પ્રમાણમાં થાય તેવી શક્યતાઓને કારણે સરકારે કાર્યક્રમો જાહેર કર્યા છે પરંતુ તેટલા ઝડપી નથી. આપણે આશા રાખીએ કે આપણા દેશમાં આ વાયરસ ફેલાઈ જાય નહીં અને તેને ર ોકવા માટેના પ્રતિકારક દવાઓ ઝડપથી હાથવગી બનાવવામાં આવે. ચીનમાં આ વાયરસને કારણે મરણનો આંકડો દિન પ્રતિદિન વધતો ચાલ્યો છે. અને વધુને વધુ લોકો તેની ઝપટમાં આવી રહ્યા છે. ખોરાકની વિવિધતાઓએ આવા વાયરસને જન્મ આપ્યો છે આપણે તેનાથી ચેતવું જોઈએ.

આર.વી. પરમાર



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


# ડેમોક્રેસી ઇન્ડેક્ષમાં ભારતનું સ્થાન ૧૦માં ક્રમે સરક્યું : ધ ઇકોનોમીસ્ટની પેટા સંસ્થા ઇકોનોમીસ્ટ ઇન્ટેલિજન્સ યુનીટનો કવર આર્ટિકલ

ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન ૧૦માં ક્રમે સરકી ગયું છે. આ અહેવાલ ધ ઈકોનોમીસ્ટની પેટા સંસ્થા ઈકોનોમિસ્ટ ઈન્ટેલીજન્સ યુનીટ હવે 'ઈન્ટોલેરન્ટ ઈન્ડીયા' નામના કવર સાથે આર્ટિકલ છાપ્યો છે. અને તેમાં નવા નાગરિકતા સુધારણા કાયદા અને નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન્સ (એનઆરસી) અંગે નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરી છે. તેમાં લખાયું છે કે આનાથી ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી બનાવવાના પ્રેરણારુપ વિચારને ફટકો પડ્યો છે.

ઈકોનોમીસ્ટે કવરનું ટ્વિટ કર્યુ હતું અને લખ્યુ હતું કે ભારતના વડાપ્રધાન અને તેમની પાર્ટી કેવીરીતે ભારતની સૌથી મોટી લોકશાહીને ખતરામાં નાંખી રહ્યા છે. નરેન્દ્ર મોદી સ્ટોક્સ ડિવિઝન્સ ઈન ધ વર્લ્ડસ બિગેસ્ટ ડેમોક્રેસી શીષર્ક હેઠળના આર્ટીકલમાં લખાયું છે કે ભારતના ૨૦ કરોડ મુસ્લીમોને ડર લાગે છે કે વડાપ્રધાન એક હિન્દુ દેશનું નિર્માણ કરી રહ્યા છે. ૮૦ના દાયકામાં રામ મંદિર ચળવળથી ભાજપના ઉદયનું સ્કેચ દોરી આર્ટિકલમાં લખાયું છે કે ધર્મ અને રાષ્ટ્રીય ઓળખમાં ભાગલા પાડીને મોદી અને ભાજપને રાજકીય લાભ મળે તેવી શક્યતાઓ છે.વિદેશી ઘુસણખોરોની શોધના ભાગરુપે યોગ્ય ભારતીયોનું રજીસ્ટર બનાવવાની યોજનાથી દેશના ૧.૩ અબજય લોકોને અસર થઈ છે.

વિશ્વભરમાં મોદી સરકારના આ એનઆરસી,સીએએ,એનપીઆર વિગેરે બાબતોનું ભરપુર ટીકાઓ થઈ રહી છે. જો કે ભાજપ તરફી કેટલીક વિદેશી સંસ્થાઓ દેખાવોનું આયોજન કર્યુ હતું પરંતુ તે મોદી સરકારનો પ્રચાર કરવામાં નિષ્ફળ રહી છે. સરકારના દેશમાં પણ પ્રયત્નો સફળ બન્યા નથી.

અનુ પાન નં ૪ નું ચાલુ

જ નહીં.હોમરે કહ્યું છે : એક સત્ય બીજા સત્યનું વિરોધી ક્યારેય બની શકે નહી.સત્ય એ કંઈક રસ્તામાં પડેલી જણસ નથી. એના માટે તપ કરવું પડે છે.પ્લુટોએ કહ્યું છે : સત્ય શીખવા માટે શાંતિપુર્વક સાત વર્ષ શોધ કરવી જોઈએ.પરંતુ પોતાના સાથી માનવોને સત્ય કેવી રીતે જણાવવું તે શીખવા માટે ચૌદ વર્ષ જોઈએ.રામે જગતને સત્ય શીખવવા માટે ચૌદ વર્ષ વનવાસ વેઠ્યો હતો. આખરે સત્યનો વિજય થયો હતો. એને જગતમાં સત્યનો મહિમા પણ થયો હતો.

આપણે શાળાઓમાં કે શૈક્ષણિક સંસ્થાઓમાં કે ભીતો પર લખાવીએ છીએ.સાચું બોલો. દરરોજ તે વાંચતા હોવા છતાં એનું આચરણ કરીએ છીએ ખરા ? સંતશ્રી તીરુવલ્લુવરે કહ્યું છે : અસત્ય ન બોલો, જો આ આદેશનું પાલન મનુષ્ય કરી શકે તો તેણે ધર્મોના બીજા કર્તવ્યનું પાલન કરવાની આવશ્યકતા રહેતી નથી.આપણું મન જો પવિત્ર હશે તો જ તે લોકોના હૃદય પર રાજ કરશે.ગાંધીજી માટે અંગ્રેજો પણ માનતા હતા કે આ માણસ અસત્યનું આચરણ તો નહી જ કરે. એવો જ માણસ જગતની બધી જ દુર્લભ વસ્તુઓ મેળવી શકતો હોય છે. સત્ય તો તે છે કે જેના દ્વારા બીજાને કોઈ પણ પ્રકારની હાનિ ન થાય. સંતશ્રી તિરુવલ્લુવરે કહ્યું છે : મે જગતમાં ઘણી વસ્તુઓ જોઈ છે.પરંતુ મે જે ચીજો જોઈ છે તેમાં સત્યથી વધુ ઉચ્ચ બીજી કોઈ વસ્તુ નથી.પણ એ સત્ય પ્રિય હોય તો વધારે અસરકારક બને છે.જેણે સાચુ બોલવાનું વ્રત લીધું છે તે પ્રિય અને હિત કરનાર સત્ય વચન કહે છે જો અપ્રિય અને અહિતકારક છે તે સત્ય પણ સત્ય નથી.સત્ય બીજાના આંસુ લુછવા માટે છે.તેથી બધાજ સત્યને ભગવાન કહે છે.કોઈકે કહ્યું છે : સત્યની મહાન બીજો કોઈ ધર્મ નથી.સત્યથી શ્રેષ્ઠ બીજો કોઈ સદ્‌ગુણ નથી. સત્ય સમાન બીજો કોઈ અક્ષય ભંડાર નથી. ધર્મ, તપ,યોગ અને યજ્ઞ તથા જીવનનો મુખ્ય આધાર માત્ર સત્ય જ છે. સત્ય એ ભગવાન છે.એટલા માટે ઋગ્વેદમાં કહ્યું છે : સત્યથી વિશ્વને પ્રકાશિત કરો.

સત્યથી વાયુ વાય છે સત્યથી સુર્ય ચમકે છે.સત્યથી જ વાણીની પ્રતિષ્ઠા થાય છે. સાચેસાચ સત્યમાં બધું જ આવી જાય છે.એટલે સત્યને સૌથી મોટું કહ્યું છે.સત્ય જ માણસને મહાન બનાવે છે.જો સત્પુરુષ જ્ઞાન અને ચારિત્રના કારણે સત્ય વચન જ બોલે છે. એના ચરણોની રજ પૃથ્વીને પવિત્ર કરે છે.સત્ય મનુષ્યને સ્વર્ગમાં લઈ જાય છે.સત્યથી અધિક કોઈ તપ નથી.સત્ય બોલો,અને સત્યમાં આળસ ન કરો.સત્ય જ જયોતિ છે.સ્વામી રામતીર્થે કહ્યું છે : સત્યનો અનુભવ કરવા માટે તમારે તમારી જાતને સત્યરૂપ અનુભવ કરવો પડશે.જે સત્યનો અનુભવ કરે છે એ સ્વતંત્ર બને છે.એનુ કારણ એ છે કે સત્યને કોઈ બંધન નડતા નથી.સત્યને કોઈ ભીડ કે સભાની જરુર પડતી નથી.કારણ કે સત્ય તો લોકપ્રિયતાથી જોજનો દુર હોય છ.ઉપદેશ કે કથાઓ કરવાથી સત્યની પ્રતિતી કરાવી શકાતી નથી.આ સંસારનો કાદવ કોઈને ખરાબ કરી શકતો નથી. સત્યની સામે ગમે તેટલી ગંદકી આવે પણ તોય એ સુવર્ણની જેમ જ રહે છે.કોઈને હાનિ ન થાય એવું બોલવું એને સત્ય બોલવું કહે છે.જેને શબ્દ દ્વારા પણ હાનિ ન થાય,એજ સત્ય છે.સત્ય મન,વચન અને કર્મથી જ પામી શકાય છે.પોતે સાચો છે એવું સાબિત કરવા માટે જે લોકો પોતાના ધર્મગ્રંથ ઉપર હાથ મુકીને પણ ખુલ્લેઆમ જુઠ્ઠુ બોલતા હોય છે,એમને સત્યને શું લાગેવળગે ?અખાએ કહ્યું છે તેમ પાણી જોઈને સ્નાન કરવાથી કે પથ્થર જોઈને પુજવાથી શુધ્ધિ થતી નથી.શુધ્ધિ તો સત્‌નું આચરણ કરવાથી થાય છે.સાચા હૃદયથી જો સત્યને પ્રગટ કર્યું હોય તો એને જગતમાં કોઈ બદલી શકતું નથી.સત્ય ચિરકાલીન હોય છે.સત્યને કાટ કે ઉધઈ લાગતી નથી.સત્ય સનાતન છે.સત્યને કોઈ બદલી શકતું નથી.સત્યને પડકારી શકાય નહી.સત્ય કોઈનું મનોરંજન કરતું નથી.પણ ક્યારેક સત્યને અસત્યથી ઢાંકવાનો પ્રયત્ન થાય છે. સત્ય ઢંકાય છે તેથી એને જરુર પડેછે સાક્ષીની.સત્યને સત્ય તરીકે પ્રતિ પાદિત કરવા માટે સાક્ષી હોવો જરુરી બની જાય છે.નહીતર તર્ક અને દલીલો દ્વારા ન્યાયાલયમાં અસત્ય સત્ય પર હાવી થઈ જતું હોય છે.એવા ઘણા કિસ્સા આપણે પણ જાણતા હોઈએ છીએ.એક રીતે સત્યનો માર્ગ વિકટ છે.અને સરલ પણ છે. જે સત્યના માર્ગે ચાલે છે એનો સ્વીકાર ઝડપથી થતો નથી.એ માર્ગે જનારને વચ્ચે અનેક સંકટોનો મુકાબલો કરવો પડે છે.અનેક વિધ્નો આવવા છતાં જો એ આગળ નીકળી જાય તો એનો જય થાય છે.સત્યના માર્ગે ચાલનારો બાળક જેવો નિર્દોષ હોય છે.સત્યનો માર્ગ તો શુરાનો છે.એમાં કાયરનું કામ નથી.સત્ય જ ઈશ્વરનો પર્યાય છે.સત્યનો પુરસ્કાર સત્ય જ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતનો જીડીપી ગ્રોથનો અંદાજમાં ઘટાડો કરીને ૫.૭ ટકા કર્યો

હવે સંયુક્ત રાષ્ટ્રસંઘે(યુએન) ભારતના જીડીપી ગ્રોથના અંદાજમાં ઘટાડો કર્યો છે. યુએને જણાવ્યુ છે કે હાલના નાણાંકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૫.૭ રહી છે. આની પહેલા વર્લ્ડ બેન્કે જેવી અનેક આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના જીડીપી ગ્રોથના અંદાજમાં ઘટાડો કર્યો હતો. યુએને અગાઉ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૭.૬ ટકા જીડીપી ગ્રોથનો અંદાજ વ્યક્ત કર્યો હતો.ત્યાંજ ભારત સરકારની સેન્ટ્રલ સ્ટેટેસ્ટીક્સ ઓફિસ (સીએસઓ) અને વર્લ્ડ બેન્કે તો માત્ર ૫ ટકા જીડીપી રહેવાનો અંદાજ વ્યકત કર્યો છે.

સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યુ છે કે અન્ય કેટલાક વિકાસશીલ દેશમાં જીડીપી વૃધ્ધિ દર આ વર્ષે નોંધપાત્ર રીતે વધી શકે છે. ત્યાંજ સંયુક્ત રાષ્ટ્રએ ગયા વર્ષે ભારતમાં આર્થિક વૃધ્ધિ દર ૬.૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. અગાઉ યુએનએ વૃધ્ધિ દર ૭.૪ ટકા રહેવાની વાત કરી હતી. રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૯માં ભારતનો જીડીપી વૃધ્ધિ દર ૬.૮ ટકા રહ્યો હતો.

આ વર્ષની શરુઆતમાં વર્લ્ડ બેન્કે પણ ભારતનો જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડીને ૫ ટકા રહેવાનો અભિપ્રાય આપ્યો હતો. વર્લ્ડ બેન્કે જણાવ્યુ હતું કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ માત્ર ૫ ટકા રહી શકે છે. ત્યારબાદ આગામી નાણાંકીય વર્ષમાં પણ ભારતનો જીડીપી ગ્રોથ ૫.૮ ટકા રહેશે.

# પ્રત્યક્ષ કરની આવક બે દાયકામાં પહેલી વખત ઘટશે

ભારતના કોર્પોરેટ અને ઈન્કમ ટેક્સની આવક છેલ્લા બે દાયકામાં પહેલી વખત ઘટે તેવી શક્યતાઓ છે. તેમ આઠ જેટલા વધુ ટેક્સ અધિકારીઓનું કહેવું છે. હાલમાં આર્થિક વૃધ્ધિ દરમાં તીવ્ર ઘટાડા અને કોર્પોરેટ ટેકસ દરમાં કાપની વચ્ચે આ સ્થિતિ સર્જાવાની શકયતા છે. વડાપ્રધાન મોદીની સરકાર ૩૧ માર્ચે પુરા થનાર વર્ષ દરમિયાન રુ. ૧૩.૫ લાખ કરોડના સીધા વેરા વસુલાતનું લક્ષ્ય સેવી રહી છે. જે ૧૭ ટકાનો વધારો સુચવે છે.

જો કે માંગણીમાં તીવ્ર ઘટાડાને કારણે વેપારને અસર થઈ છે. જેના કારણે કંપનીઓને રોકાણ અને નોકરીમાં ઘટાડાની ફરજ પડી છે. આ પરિસ્થિતિ ઊભી થતાં વેરાની વસુલાતને અસર થઈ છે. જેવી સરકારને આ નાણાંકીય વર્ષમાં પાંચ ટકાની વૃધ્ધિ દરની આગાહી કરવાની ફરજ પડી છે. જે ૧૧ વર્ષમાં સૌથી નીચો દર છે. કરવેરા વિભાગ ૨૩ જાન્યુઆરી સુધી રુ. ૭.૩ લાખ કરોડ જ એકત્રીત કરી શક્યો છે. જે ગત વર્ષે આ જ સમયે એકત્ર કરાયેલી રકમથી ૫.૫ ટકા ઓછી છે. તેમ એક સીનીયર વેરા અધિકારીએ કહ્યુ હતું.

પ્રથમ નવ મહિનામાં કંપનીઓ પાસેથી એડવાન્સમાં વેરાની વસુલાત કર્યા બાદ અધિકારીઓ સામાન્યપણે અંતિમ ત્રણ મહિનામાં વાર્ષિક વેરાના આશરે ૩૦-૩૫ ટકા એકત્ર કરતા હોય છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા પરથી આ જાણવા મળ્યું છે. પરંતુ આઠ જેટલા સીનીયર અધિકારીઓનું કહેવું છે કે તેમના સારા પ્રયાસો છતાં આ નાણાંકીય વર્ષના અંતે સીધા વેરાની આવક ૨૦૧૮-૧૯માં એકત્ર રુ.૧૧.૫લાખ કરોડ થી પણ ઘટી જાય તેમ છે.એક ટેક્સ અધિકારીએ કહ્યુ હતું કે લક્ષ્ય તો ભુલી જાવ. આ પહેલી વાર હશે કે સીધા વેરાની આવક અત્યાર સુધીમાં પહેલી વખત ઘટશે. આ અધિકારીએ અંદાજ બાંધ્યો હતો કે આ વર્ષમાં સીધા વેરાની આવક નાણાંકીય વર્ષ ૨૦૧૯ માં ૧૦ ટકાથી નીચી જઈ શકે છે. સીધા વેરાની આવક સામાન્યપણે સરકારના વાર્ષિક આવકના આશરે ૮૦ ટકા જેટલી છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




## જાણવા જેવું

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઈ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


# નાગરિકો પરનો કરબોજ ઘટાડવા માટે પગલાં લેવા અને સામાજીક અન્યાય દુર કરવા કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસની ટકોર



કેન્દ્રીય બજેટ નજીદીકના દિવસોમાં કેન્દ્ર સરકાર રજુ કરશે ત્યારે ચીફ જસ્ટીસ એસ.એ.બોબડેએ નાગરિકો પરનો કરબોજ ઘટાડવા અને દેશનો સર્વગ્રાહી વિકસા માટે પગલાં લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. તેમણે સરકારને ટકોર કરી હતી કે વધુ પડતો ટેક્સ એ સામાજીક અન્યાય છે.રાજધાની દિલ્હીમાં ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રિબ્યુનલના ૭૯ ફાઉન્ડેશન સેરેમની પ્રસંગે યોજાયેલી એક ઈવેન્ટમાં ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે વધુ પડતા ટેક્સને લોકો પર લદાયેલા સામાજિક અન્યાયના સ્વરુપમાં જોઈ શકાય છે.

જેવી રીતે કરચોરી એ સાથી નાગરિકો માટે સામાજીક અન્યાય છે એવી જ રીતે આડેધડ અથવા વધુ પડતો ટેક્સ પણ સરકાર દ્વારા જાતે જ હાથ ધરાતો સામાજીક અન્યાયમાં પરિણમે છે. હાલમાં દેશનું અર્થતંત્ર નબળા તબક્કામાં ચાલી રહ્યું છે. દેશમાં મોઘવારીનો દર ઉંચો છે અને રુપિયો નબળો બની રહ્યો છે. તમારે સુપ્રીમ કોર્ટના જજે આ સલાહ આપી છે. છુટક મોઘવારીનો દર વધીને ડિસેમ્બર ૨૦૧૯માં સાડા પાંચ વર્ષની ઊંચી સપાટીએ ૭.૩૫ ટકા થયો છે.

પોતાના સંબોધનમાં ચીફ જસ્ટીસે કરવેરા અંગેના વિવાદોનો ઉકેલ સરળતાથી આવી જાય તેની ખાતરી માટે ઈન્કમ ટેકસ એપેલેટ ટ્રિબ્યુનલની ભુમિકા પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ હતું કે ટેક્સ જ્યુડિશરી એ દેશમાં સંશાધન એકત્ર કરવામાં મહત્વની ભુમિકા અદા કરે છે. વેરાનો વિવાદ ઝડપથી ઉકેલાય તો તે કરદાતા માટે વેરા પ્રોત્સાહન તરીકે જ લેખાય છે.

ચીફ જસ્ટીસ બોબડેનું કરબોજ અંગેનું મંતવ્ય સરકારના ધ્યાને આવશે તે કેમ શંકાસ્પદ છે. કારણકે દેશની ગાડી આર્થિક ક્ષેત્રે પાટા પરથી ઉતરી ગયેલી છે અને સરકાર ગમે તે રસ્તે નાણાં એકઠા કરવા માંગે છે ત્યાં કરબોજ હળવો કેમ કરશે. ? શકયતાઓ નહિવત છે.

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી ક્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# વિશ્વના શ્રેષ્ઠ શસ્ત્રોમાં સત્ય સર્વશ્રેષ્ઠ છે

સત્ય એ સત્ય છે.દષ્ટ્રિવાળા જ સત્યને જોઇ શકે છે.આંધળા નહી, સત્યએ જોવાની ચીજ નથી.પણ અહીતો જેની ભીતરની દષ્ટિ ખુલી ગઇ છે, આ સંસારની પેલી પાર જેની નજર નીકળી ગઇ છે,એની વાત કરવામાં આવી છે,પણ જેના હૈયાના દ્વાર ખુલ્યા જ નથી એ તો ચર્મચક્ષુ હોવા છતાં અંધ જ હોય છે.આંખોથી આ જગતને જોતા હોઇએ તો એનો અર્થ એવો ના કરતાં કે, આપણે દેખતા છીએ.સત્ય તો આ વિશ્વની ધરી છે. સત્યના આધારે આ ધરતી હરિયાળી છે.દરેકને ટકવા માટેનો એકમાત્ર આધાર સત્ય છે.ભુમિ જ સત્ય દ્વારા પ્રતિષ્ઠિત છે.ભુમિની સ્થિરતાના પાયામાં સત્ય છે. જો સત્યનો પાયો ડગમગી જાય તો અકલ્પ આફતો સર્જાઇ જાય છે.સત્યના આધારે આપણે છીએ.આપણા આધારે સત્ય,મારુ અસ્તિત્વ હોય કે ના હોય પણ સત્ય તો રહેશે જ.સત્ય એ કોઇ લોખંડનો ટુકડો નથી કે એને કાટ ચડે.જેના માથા ઉપર સત્યની છત્રી છે એને કોની પરવા હોય ?સત્ય જ આંખ છે. જેના મનની આંખો ઊઘડી ગઇ છે. એને સત્યનો સહારો મળી જાય છે.સત્યના આધારે જીવનાર માણસને અનેક સંકટોનો સામનો કરવો પડે છતાંય જો એ અડગ રહે તો આખરી વિજય એનો જ થાય છે.સત્ય તો હાથમાં પકડેલો અંગારો છે.જેની સુરતા લાગી ગઇ છે એને કોઇ દઝાડી શકતું નથી.વિશ્વના શ્રેષ્ઠ શસ્ત્રોમાં સત્ય સર્વશ્રેષ્ઠ છે.સત્યથી માણસ સૌની ઉપર તપે છે. સળગતા અગ્નિની જ્વાળાઓની પાસે કોઇ આવી શકતુ નથી એમ સત્યના આધારે જીવતા માણસ પાસે પણ કોઇ અનિષ્ટ વિચરી શકતું નથી.એટલો એનો તાપ ને પ્રભાવ હોય છે.

સત્ય, સાચું,વાસ્તવિક, ખરુ, ખરાપણું, તથ્ય,સાચી વાત આ બધા જોડણીકોશના અર્થો છે.સત્ય તો આ અર્થોની ઉપર છે.એનાથી પણ પર છે.સત્ય તો ઝળહળતો પ્રકાશ છે.જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ક્યાંથી આવે ? સત્ય તો જીવ માત્રના જીવનનો અર્ક છે.માણસ કોઇપણ કાર્ય કરે , સત્ય-નિષ્ઠાથી કરે તો એને કોઇ આંચ આવતી નથી.ભલે એની આજુબાજુ ભસવાના અવાજો આવતા હોય તેથી તેને ગભરાવાની ચિંતા નથી.માણસનું હૃદય શુધ્ધ હોય,મનમાં કોઇ પણ પ્રકારની મલિનતા ન હોય, દ્વેષભાવ વિનાનો સ્વભાવ હોય અને સત્યનો છાંયો હોય તો આ જગતની કોઇ તાકાત એનો કશું જ કરી શકતી નથી.પણ કોઇક નબળી ક્ષણે એનું મન ડગમગી જાય તો તરતજ એના પતનની શરુઆત થઇ જતી હોય છે.અસત્ય સુંવાળું હોય છે.લાભકર્તા હોય છે.એની લાલચમાં માણસ લપસી જાય તો એનું સત્ય ઢંકાઇ જાય છે.એની સામે અનેક પડકારો છે એને વટોળીને જે આગળ વધે છે એ જ સત્યનો ધ્વજ લહેરાતો રાખી શકે છે.સ્વર્ણિમ પાત્રથી સત્યનું મોઢું ઢંકાયેલું છે. જ્યાં થોડો પણ લોભ આવ્યો તો સમજવું કે બધું જ રસાતાળ ગયું સમજો. માણસની આંખે જ્યારે સ્વાર્થના ચશ્માં આવી જાય છે, પછી એને જે જોવાનું હોય એના સિવાય બીજું ઘણું દેખાવા લાગે છે.

સત્ય બોલો,પ્રિય બોલો, અપ્રિય સત્ય ન બોલો,પ્રિય અસત્ય ન બોલો.આ સનાતન ધર્મ છે.સત્ય અને પ્રિય એ બે શબ્દો ક્યારેક આમને-સામને આવી જતા હોય છે.સામાન્ય રીતે માણસને સત્ય ગમતું નથી.કઠે છે. માણસને પ્રિય અસત્ય વધારે ગમતું હોય છે. છતાંય સમજદાર અને વિવેકી માણસ સત્યને પણ પ્રિય બનાવી શકે છે.પોતાની માતાને જ મા કહેવાય, મારા બાપની વહુ ના કહેવાય, ભલે એ સત્ય હોય તો. એવી જ રીતે સત્યને પ્રિયની કલાઇ કરતાં આવડવું જોઇએ.ઘણી વખત અસત્યનો પડદો સત્યે પાછળ ધકેલી દેતો હોયછે.આપણે ત્યારે દુ:ખી થઇએ છીએ.પણ વહેલા મોડા સત્ય તો પ્રગટતું જ હોય છે.

સત્યનો અસત્ય ઢાંકી દે છે.અસત્યને વારંવાર કહેવાથી સત્ય બનતું હોય છે.એક જુઠ્ઠાણું સો વખત ઉચ્ચારવાથી સત્ય બની જાય છે.પણ એ માત્ર સત્યનો ભ્રમ જ હોય છે.માણસને ખુશામત ગમતી હોય છે.ખુશામત હોય ત્યાં સત્ય ના હોય.અસત્ય અને ખુશામતનો નજીકનો નાતો છે.તેથી ક્યારેક આપણને લાગં કે અસત્યથી સત્ય ઢંકાઇ જાય છે.બધુ સત્યમાં સમાયેલું છે.જગતમાં સત્યથી જ બધું પ્રભાવક છે. સત્ય સૌથી મોટું બળ છે.એ બળની સામે કોઇ ટકી શકતું નથી.જગતના બધા જ હથિયારો એની આગળ પાંગળા છે.એ સત્ય સૌથી મોટું હથિયાર ગણાયું છે.ગાંધીજી પાસે સૌથી મોટું શસ્ત્ર સત્ય જ હતું.જેની આગળ વિશ્વની મહાન શક્તિને પણ નમવું પડ્યુ હતું.સત્યનો સુરજ કદી આથમતો નથી.સત્યનો હંમેશા વિજય થાયછે.અસત્યનો નહી.આપણા રાષ્ટ્રનો મુદ્રાલેખ પણ ‘સત્યમેવ જયતે’ છે.સત્યને ખતમ કરી શકાતું નથી.ક્યારેક આપણને લાગે કે સત્ય પરાજીત થયું છે,પણ અંતમાં તો એનોજ વિજય થતો હોય છે.સત્ય છુપાતું નથી.સત્ય તો આપણું કવચ છે.આપણું રક્ષણ સત્ય કરે છે.સત્ય માણસના હૃદયમાંથી પ્રગટે છે.કેટલાક લોકો સત્યને જાણતા હોવા છતાં એનો અમલ કરી શકતા નથી તેથી પાછળથી પસ્તાય છે.

પ્લેટોએ કહ્યું છે : સત્ય ઈશ્વરનું સ્વરુપ છે. જગતમાં સત્ય જ ઈશ્વર છે.સદાય સત્યના આધાર પર જ ધર્મની સ્થિતિ રહે છે.સત્ય જ બધાનું મુળ છે.સત્યથી વધીને કોઇ પરમ પદ નથી.સત્યની દિવાલો વચ્ચે રહેવું એ અતિ કઠીન છે. સત્યના મરજીવા જ એમાં રહી શકે છે.માણસ સામાન્ય બાબતમાં પણ જુઠ્ઠુ બોલતા અચકાતો નથી.ત્યારે સત્યની વાત કરવી એ અરણ્યરુદન જેવી ઘટના છે.સત્યની અનેક મર્યાદાઓ હોઇ શકે છે.પણ એ સરહદને જે ઓળંગી જાય છે તે કશુંક મેળવી શકે છે.કોઇપણ ભોગે જે સત્યનો વળગી રહે છે.એનો આપત્તિઓનો સામનો કરવો પડે છે.છતાંય પોતે જે સત્યનો સ્વીકાર કર્યો છે એનું પાલન તો કરે જ છે, તો એના સુફળ એને મળે છે.

સત્ય એ સત્ય છે.સત્યને કોઇ શણગારની જરુર જણાતી નથી.સત્ય આપણને ગમે કે ન ગમે, પણ જીવનનો સાચો અર્ક જ એ છે.બધા જ રસોમાં સત્યનો રસ વધારે સ્વાદિષ્ટ છે.સત્યનો રસ શરુઆતમાં કડવો લાગે છે.પણ એ અત્યંત ગુણકારી હોય છે.જેમ દેહની શુધ્ધિ માટે કડવા રસની જરુર છે.એમ જીવની શુધ્ધિ માટે સત્યની એટલી જ જરુર છે.આપણે જાણીએ છીએ કે માણસ માત્ર પુર્ણ નથી.એનામાં પણ દોષ તો રહેલા જ છે.છતાંય આપણા ભલા સાથે બીજાના ભલાનો પણ વિચાર થવો જોઇએ.કોઇપણ પ્રકારના પુર્વગ્રહ સિવાય આપણે વર્તવું જોઇએ.સત્ય જો બીજાના હિત માટે હોય તો તે મીઠાસથી કહેવું જોઇએ.એવું સત્ય બોલવું જોઇએ જે હિત,મિત અને ગ્રહણ કરવા યોગ્ય હોય.સત્યની તુલનામાં કશું જ આવી શકતું નથી.સત્ય તો પ્રકાશનો સુર્ય છે.સુર્યની સામે ધુળ ઉડવાથી કશો ફેર પડતો નથી.પ્રકાશ ઢાંક્યો ઢંકાઇ રહેતો નથી.સત્ય આજે નહી તો કાલે તો પ્રગટવાનું જ છે.સત્ય સમાન કોઇ ધર્મ નથી.સત્યથી ઉત્તમ કશું જ નથી. અને જુઠ સમાન કોઇ તીવ્રત્તર પાપ આ જગતમાં બીજુ કોઇ નથી.આજે તો જુઠ અને પ્રપંચના ઘોડાપુર ઉમટેલા જોવા મળે છે.સત્યતો ખુણામાં ધકેલાતું જાય છે.અનિષ્ટનો અતિરેક થઇ રહ્યો છે.લોકો એને સત્ય માનતા થઇ ગયા છે.સત્યનો અર્થ જ બદલાઇ ગયો ન હોય !

ગાંધીજીએ કહ્યું છે : કોઇ અસત્ય દ્વારા સત્યને પામી શકતું નથી.સત્યને પામવા માટે તો હંમેશા સત્યનું જ આચરણ કરવું પડશે.સત્યને કોઇનો ભય હોતો નથી.સત્ય બોલવામાં ડર શાનો ? અસત્ય આજે નહી તો કાલે તમને જરુરથી ડુબાડશે.વિનોબા ભાવેએ કહ્યું છે :અસત્યમાં શક્તિ નથી.પોતાના અસ્તિત્વ માટે પણ એણે સત્યનો આશરો લેવો અનિવાર્ય છે.

સત્યની વાતો કરનારા ઘણા છે,સત્યનું પાલન કરનારા ઓછા છે.જે પાલન કરે છે,તે કોઇ સત્યની વાત કરતો નથી.કારણકે સત્ય એ પાલન કરવા માટે જ હોય છે.ડોંગરેજી મહારાજે કહેલું કે સત્યને જાણ્યા પછી એને અમલમાં મુકીએ તો જ જાણ્યું સાર્થક ગણી શકાય.માત્ર જાણકારી મેળવવાથી કશું જ પ્રાપ્ત થતું નથી.સત્યના માર્ગે ચાલવું ઘણું કાઠું છે.પણ જે વીરબંકો ચાલે છે, એની આગળ સુરજ પાથરણાં પાથરતો હોય છે.એની બેસન્ટે કહેલું કે સત્ય મારા માટે જીવનનો મુળ મંત્ર છે. એના માટે હું સંસારના સમસ્ત યશ,વૈભવ અને મધુર પ્રેમનો પણ ત્યાગ કરી શકું છું.આજની સ્થિતિમાં જોઇએ તો જો આપણે સાચું બોલીએ તો લોકો જુતાનો હાર પહેરાવે છે.મારવા દોડે છે.એ જો ખોટું બોલીએ તો વિશ્વાસ કરે છે.પણ ઉત્તમ વાત તો સંત તુકારામે કરી છે.જે અસત્ય બોલે છે,તે પાપની ખાણ છે.જે માત્ર સત્ય બોલે છે તો એની તરફ સુખ પણ ઉમળકાથી જાય છે.આપણને ઘડીભર એવું લાગે છે, પણ સત્ય એ તો સત્ય જ રહે છે.જોર્જ સેન્તીયાનાએ કહ્યુ છે કે સત્ય ક્રુર હોય છે છતાં પણ પ્રેમ કરી શકાય છે.અને જેણે પણ તેને પ્રેમ કર્યો હોય તેને મુક્તિ મળે છે.જે માણસ અસત્ય બોલીને કંઇક મેળવી શકે છે,એ ખોવા બરાબર ગણાય છે.માણસ જે સત્યને વધારે પસંદ કરે છે એમાં એ વધારે વિશ્વાસ મુકતો હોય છે.સત્યની સરિતા ક્યારેય ગંદી ન થાય, એ જોવાની જવાબદારી આપણી છે.જે લોકો શોધે છે એ મેળવે જ છે.ગાંધીજીએ કહ્યુ છે : સત્યની ખોજમાં, અસફળતા માટે સ્થાન જ નથી.જીવનની સ્વચ્છતા સૌથી ઉંચી અને સૌથી સાચી કળા છે.

હેલ્વેટીયસે કહ્યું છે : સત્ય એક મશાલ છે, જે ધુમ્મસને વિખેરી નાખ્યા વિના પણ તેની વચ્ચે ઝળહળે છ. આપણા સત્યની મશાલ સદૈવ જલતી જ રહે એવો પ્રયત્ન કરવો જોઇએ. સત્ય એ ભગવાન કરતાં પણ મહાન છે એની વાત જ્હોન એકહાર્ટે કરી છે. સત્ય એ એટલીઉમદા વસ્તુ છે કે જો ભગવાન એની તરફ પીઠ ફેરવી શકે તો હું ભગવાનને છોડી દઉ, પણ સત્યને વળગી રહું.એ ખમીર છે સત્ય માટેનું. પણ દરેકને પોતાનું સત્ય હોય છે.જે મારા માટે સત્ય છે એ તમારા માટે ન પણ હોય. છતાંય જે સનાતન સત્ય છે એને વિભાજીત કરી શકાય

અનુ પાન નં. ૨ ઉપર


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.